

ત્રિભુવન તિલક

# શ્રી રાણકપુર તીર્થ



શેઠ આણંદજી કલ્યાણજી

અમદાવાદ-૧.





લેખક : રતિલાલ દીપચંદ દેસાઈ

પ્રકાશક : શ્રી આર. ડી. શાહ
જનરલ મૅનેજર,
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી,
૨૫, વસંતકુંજ સોસાયટી, નવા શારદામંદિર રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
(જૂનું કાર્યાલય)
ઝવેરીવાડ, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧. (ગુજરાત)

છબીઓ : શ્રી વિક્રમદલાલ, શ્રી આનંદ પટેલ, અમદાવાદ,
શ્રી કાંતિ રાકા, સાદડી (રાજ.)

સાતમી આવૃત્તિ ● ફેબ્રુઆરી - ૨૦૦૫



કુદરતની વચ્ચે શોભતા ધરણવિહારનું સર્વગ્રાહી બાહ્ય દૃશ્ય

ACHARYA SHRI KAILASSAGAR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05

### ભક્તિ અને કળાના સંગમનું તીર્થ

# શ્રી રાણકપુર

રાણકપુરનું મંદિર 'કળાને ખાતર કળા'ના પાર્થિવ સિદ્ધાંતના બદલે 'જીવનને ખાતર કળા'ના ઉમદા અને ગંભીર સિદ્ધાંતનું એક શ્રેષ્ઠ દૃષ્ટાંત છે-જાણે પોતાના જીવનનું સારસર્વસ્વ પરમાત્માને ચરણે ભેટ ધરીને માનવી પોતાના જીવનને અહીં કૃતકૃત્ય કરે છે.

હૃદયંગમ અને સુરમ્ય કળાના વિપુલ ભંડાર સમું આ સુપ્રસિદ્ધ જૈન શ્વેતાંબર મંદિર પશ્ચિમ રેલવેના ફાલના સ્ટેશનથી ૩૫ કિલોમીટરની દૂરી પર આવેલું છે. ઊંચી ઊભણી ઉપર ખડા કરવામાં આવેલ આ મંદિરના ત્રણ મજલા છે, અને એને લીધે એ, એની પાછળની ટેકરીની ઊંચાઈ સાથે ભળી જઈને, જાણે આકાશ સાથે વાતો કરતું હોય એવો ભાસ થાય છે. જેમ જેમ ઊંચે જઈએ તેમ તેમ એના ઉપર ઉપરના મજલાની ઊંચાઈ ઓછી થતી જાય છે, પણ જિનાલયની શોભા અને ભાવકની ભાવના વધતી જાય છે. આખું મંદિર સુકુમારતા અને તેજના પુંજ સમા આરસપહાણનું બનેલું છે.

કલકલ નાદ કરીને વહેતા નિર્મળ ઝરણા સમી નાનીસરખી મઘાઈ નદી; સ્થિર આસન લગાવીને બેસી ગયેલા આત્મસાધકો જેવી અરવલ્લી(આડાબલા)ની ગિરિમાળાની નાની ટેકરીઓ; અને શાંત, એકાંત, નિર્જન જંગલ કુદરતના આ ત્રિવિધ સૌંદર્ય-વૈભવની વચ્ચે રાણકપુરનો સુવિશાળ, ગગનચુંબી અને ભવ્ય જિનપ્રાસાદ જોઈએ છીએ અને જાણે કોઈ રૂપાળું, રમતિયાળ તંદુરસ્ત બાળક જાજરમાન હેતાળ માતાના હૂંફાળા ખોળામાં હસતું-ખેલતું કિલ્લોલ કરતું હોય એમ જ લાગે છે ! કુદરતનાં સહજ સૌંદર્ય અને માનવનિર્મિત કળાસૌંદર્યનો જ્યારે સુભગ સમન્વય સધાય છે, ત્યારે એ કેવો નયનરમ્ય અપૂર્વ યોગ બને છે, માનવીના ચિત્તને

એ કેટલું આહ્લાદિત બનાવે છે અને અંતરતમ લાગણીઓને કેટલું સ્પર્શી જાય છે, એનો પ્રત્યક્ષ પુરાવો રાણકપુરનું આ તીર્થ છે.

રાજસ્થાન એ શિલ્પ-સ્થાપત્યની વિપુલતા અને વિવિધતાઓથી સમૃદ્ધ પ્રદેશ છે; અને તેની કેટલીક કળાપૂર્ણ શિલ્પસમૃદ્ધિ તો વિશ્વનાં નામાંકિત શિલ્પોમાં માનભર્યું સ્થાન અપાવે એવી અદ્‌ભુત છે. એ બધાંમાં ગિરિરાજ આબુ ઉપરનાં જિનાલયો તો બેનમૂન છે જ; આમ છતાં વિશાળતા અને કળામયતાના સંગમની દૃષ્ટિએ, રાણકપુરનું આ જિનમંદિર એ બધાંમાં શિરોમણિરૂપ બની રહે એવું છે એ નિઃશંક છે. સાથે સાથે ભારતીય શિલ્પકળાનો પણ એ બેનમૂન નમૂનો છે; અને ભારતની વાસ્તુવિદ્યા કેટલી ઉચ્ચ કોટિની અને આગળ વધેલી હતી, અને એના સ્થપતિઓ કેવા સિદ્ધહસ્ત હતા એ વાતની પણ એ સાખ પૂરે છે.

આ મંદિરની નિર્માણકથાના ચાર મુખ્ય સ્તંભો છેઃ આચાર્ય સોમસુંદરસૂરિજી, મંત્રી ધરણાશાહ, પોરવાલ રાણા કુંભ અને શિલ્પી દેપા અથવા દેપાક. આ ચારેની ભાવનારૂપ ચાર સ્તંભોના આધારે શિલ્પકળાના સૌંદર્યની પરાકાષ્ઠા સમા આ અદ્‌ભુત જિનમંદિરની રચના થઈ શકી હતી.

આચાર્ય સોમસુંદરસૂરિજી વિક્રમની પંદરમી સદીના એક પ્રભાવશાળી આચાર્ય થઈ ગયા. શ્રેષ્ઠી ધરણાશાહ રાણકપુર પાસેના નાંદિયા ગામના વતની હતા; અને પછી તેઓ માલગઢમાં જઈને વસ્યા હતા. એમના પિતાનું નામ શ્રેષ્ઠી કુરપાલ, માતાનું નામ કામલદે અને મોટાભાઈનું નામ રત્નાશાહ હતું. એમનો વંશ પોરવાલ.

તે સમયના પ્રભાવક પુરુષ આચાર્ય શ્રી સોમસુંદરસૂરિજીના સંપર્કથી ધરણાશાહ વિશેષ ધર્મપરાયણ બન્યા હતા, અને કાળક્રમે એમની ધર્મભાવનામાં એવી અભિવૃદ્ધિ થતી ગઈ કે, બત્રીસ વર્ષની યુવાન વયે, એમણે તીર્થાધિરાજ શત્રુંજયમાં, આજીવન બ્રહ્મચર્યવ્રત જેવા ખૂબ કઠોર વ્રતનો સ્વીકાર કર્યો હતો. પોતાની કુશાગ્ર બુદ્ધિ, વહીવટી કુશળતા, રાજકારણી કાબેલિયત અને બાહોશીના લીધે તેઓ મેવાડના રાણા કુંભાના મંત્રી બન્યા હતા.

કોઈક શુભ પળે, મંત્રી ધરણાશાહના અંતરમાં ભગવાન ઋષભદેવનું એક ભવ્ય મંદિર ચણાવવાની ભાવના જાગી, આ મંદિર શિલ્પકળાના શ્રેષ્ઠ નમૂના જેવું સર્વાંગસુંદર થાય તે માટે તેઓ કંઈ કંઈ મનોરથો સેવતા હતા. એક અનુશ્રુતિ તો એમ કહે છે કે, મંત્રી ધરણાશાહને એક રાત્રે એક સુંદર સ્વપ્ન આવ્યું, અને તેમાં એમને સ્વર્ગલોકના નલિનીગુલ્મ વિમાનનું દર્શન કર્યું. નલિનીગુલ્મ વિમાન એ

સ્વર્ગલોકનું સર્વાંગસુંદર દેવવિમાન લેખાય છે. ધરણાશાહે વિચાર કર્યો કે મારે આવો જ ભવ્ય જિનપ્રાસાદ ચણાવવો.

પછી તો એમણે જુદા જુદા શિલ્પીઓ પાસે મંદિરના નકશાઓ મંગાવ્યા. કેટલાક શિલ્પીઓએ પોતાના નકશા રજૂ કર્યા, પણ એક પણ નકશો જોઈને શ્રેષ્ઠી ધરણાશાહનું મન ઠર્યું નહિ. છેવટે મુન્ડારાના વતની શિલ્પી દેપા અથવા દેપાકે દોરેલું ચિત્ર શ્રેષ્ઠીના મનમાં વસી ગયું. શિલ્પી દેપાક ભારે મસ્ત મિજાજનો અલગારી કળાકાર હતો. પોતાની કળાનું ગૌરવ અને બહુમાન જાળવવા માટે એ ગરીબીને સુખેથી નિભાવી લેતો હતો. છેવટે મંત્રી ધરણાશાહની સ્ફટિક સમી નિર્મળ ધર્મભક્તિ દેપાકના અંતરને સ્પર્શી ગઈ અને એણે મંત્રીના મનોરથને સજીવન કરે એવું મનમોહક, વિશાળ અને ભવ્ય જિનમંદિર નિર્માણ કરવાનું બીડું ઝડપ્યું—જાણે ધર્મતીર્થને આરે ભક્તિ અને કાળાનો સુભગ સંગમ થયો.

મંત્રી ધરણાશાહે રાણા કુંભા પાસે મંદિર માટે જગ્યાની માંગણી કરી. રાણાજીએ મંદિરને માટે ઉદારતાથી જમની આપવાની સાથે ત્યાં એક નગર વસાવવાની પણ સલાહ આપી અને એ માટે માદ્રી પર્વતની તળેટીમાં આવેલ જૂના માદગી ગામની ભૂમિની પસંદગી કરવામાં આવી. એટલે મંદિરની સાથે જ ત્યાં નવું નગર ઊભું થયું. રાણાના નામ ઉપરથી તેનું નામ રાણપુર રાખવામાં આવ્યું. સમય જતાં લોકોમાં એ રાણકપુરના નામે વિશેષ ખ્યાતિ પામ્યું.

વિ.સં. ૧૪૪૬માં શરૂ કરવામાં આવેલું આ મંદિરનું બાંધકામ ૫૦ વર્ષે પણ પૂરું થયું નહિ ત્યારે, પોતાની વૃદ્ધાવસ્થાનો વિચાર કરીને, શ્રેષ્ઠી ધરણાશાહે એની પ્રતિષ્ઠા કરાવવાનો નિશ્ચય કર્યો. એટલે વિ.સં. ૧૪૯૬ની સાલમાં એની પ્રતિષ્ઠા થઈ, એ સુનિશ્ચિત છે. મંદિરમાંના મુખ્ય શિલાલેખમાં આ જ સાલ આપવામાં આવી છે. આ પ્રતિષ્ઠા આચાર્ય સોમસુંદરસૂરિજીના વરદ હાથે જ થઈ હતી અને એ રીતે પાંચ દાયકા સુધી ચાલેલ ચણતરકામને અંતે, મંત્રી ધરણાશાહની ભાવનાને મૂર્ત કરતા દેવવિમાન જેવા મનોહર મંદિરનો ધરતી ઉપર અવતાર થયો હતો. ચાલી આવતી અનુશ્રુતિ પ્રમાણે આ મંદિરમાં નવ્વાણું લાખ રૂપિયા જેટલું ખર્ચ થયું હતું. એના પાયામાં સાત પ્રકારની ધાતુઓ અને કસ્તુરી જેવી બહુ કીમતી ચીજો નખાવીને શિલ્પી દેપાએ ધરણાશાહની ભાવના અને ઉદારતાની કસોટી કરી હતી એમ કહેવાય છે.

આ મંદિરની આટલી વિશાળતા અને ઊંચાઈ હોવા છતાં એમાં જળવાયેલી સમપ્રમાણતા, હીરા-માણેક જેમ ઠેર ઠેર વેરાયેલી શિલ્પસમૃદ્ધિ,



આરસપહાણના કોતરણીવાળા સ્તંભોનું દૃશ્ય



સજીવ કોતરણીથી સમૃદ્ધ મંડોવર



પશ્ચિમના મેઘનાદ મંડપની છતમાં કોતરેલ કલ્પવલ્લી


વિવિધ પ્રકારની કોરણીથી શોભતાં સંખ્યાબંધ તોરણો અને ઉન્નત સ્તંભો, આકાશમાં અવનવી ભાત પાડતાં શિખરોની વિવિધતા-કળાની આ બધી સ્મૃદ્ધિ જાણે મુખરિત બનીને યાત્રિકને મંત્રમુગ્ધ બનાવી દે છે, અને મંદિરના નિર્માતાની અસાધારણ કુશળતા માટે એના અંતરમાં આદર અને અહોભાવ જન્માવે છે.

આ મંદિરને ચાર દ્વાર છે અને મંદિરના મૂળ ગભારામાં ભગવાન આદિનાથની ૭૨ ઇંચ જેટલી વિશાળકાય અને ચાર દિશાઓ તરફ મુખ કરતી ચાર ભવ્ય પ્રતિમાઓ બિરાજે છે. બીજા અને ત્રીજા માળના ગભારામાં ગર્ભગૃહમાં પણ આ રીતે ચાર ચાર જિનપ્રતિમાઓ શોભે છે. આને કારણે આ મંદિર ચતુર્મુખજિનપ્રાસાદ તરીકે પણ ઓળખાય છે.

૭૬ નાની શિખરબંધ દેરીઓ, ચાર રંગમંડપ તેમ જ શિખરયુક્ત મોટી દેવકુલિકાઓ અને ચાર દિશામાં રહેલા ચાર મહાધર પ્રાસાદો—એમ આ જિન પ્રાસાદમાં કુલ ૮૪ દેવકુલિકાઓ છે—એ જાણે સંસારી આત્માને, જીવોની ૮૪ લાખ યોનિઓથી વ્યાપ્ત ભવસાગરને પાર કરીને મુક્ત થવાની પ્રેરણા આપે છે.

ચાર દિશામાં આવેલા ચાર મેઘનાદ મંડપોની તો જોડ મળવી જ મુશ્કેલ છે. ઝીણી ઝીણી સુકુમાર અને સજીવ કોરણીથી શોભતા ચાળીસેક ફૂટ જેટલા ઊંચા સ્તંભો, વચ્ચે વચ્ચે મણિ-મુક્તાની માળાઓની જેમ શોભતાં કોતરણીભર્યાં તોરણો, ગુંબજમાં બિરાજતી દેવીઓની સજીવ પૂતળીઓ, કોતરણીથી ઊભરાતા લોલકથી શોભતો ગુંબજ—આ બધું જોનારને સ્તબ્ધ કરી દે છે. ગગનમાં ચોમેર ચમકતા અગણિત તારલિયાઓની જેમ મંદિરમાં ઠેર ઠેર વેરાયેલ બીજું બધું શિલ્પ તો દૂર રહ્યું, કેવળ મેઘનાદ મંડપની શિલ્પકલાની સમૃદ્ધિ જ યાત્રિકના અંતરમાંથી પ્રશંસાનાં પુષ્પો પ્રગટાવવા માટે પૂરતી છે. મેઘનાદ મંડપમાંથી સ્વસ્થ-શાંત-એકાગ્ર ચિત્તે પ્રભુમૂર્તિનાં મન ભરીને દર્શન કરતો માનવી વિરાટ પરમ આત્મા પાસે પોતે કેવો વામન અને અલ્પ-આત્મા છે, એનું સંવેદન મેળવીને પોતના અહંભાવ અને અહંકારને ગાળવાની ભાવના સેવે છે. જાણે યાત્રિકોને આ ભાવનું જ સ્મરણ કરાવતી હોય. એમ પશ્ચિમ તરફના મેઘનાદ મંડપમાં પ્રવેશ કરતાં ડાબા હાથના એક સ્તંભ ઉપર મંત્રી ધરણાશાહ અને સ્થપિત દેપાકની પ્રભુસન્મુખ આકૃતિઓ કોતરેલી છે. એ બંને મહાનુભાવોને જોઈએ છીએ અને મંત્રીની ભક્તિની કળા અને સ્થપતિની કળાની ભક્તિ આગળ ભાવકનું શિર ઝૂકી જાય છે.

આ મંદિરમાં શિખરોમાં, ઘુમ્મટમાં અને છતોમાં પણ કલાવિજ્ઞ અને ભક્તિશીલ શિલ્પીઓનાં સુકુમાર ટાંકણાંઓએ કંઈ કંઈ પુરાતન કથા-પ્રસંગોને



નાગદમન

સજીવ કર્યા છે, કંઈ કંઈ આકૃતિઓને વાચા આપી છે, અને કંઈ કંઈ અવનવાં શિલ્પોને કંડાર્યાં છે. આ બધી કલાકૃતિઓનો મર્મ સમજતાં ભાવિક જન જાણે સ્થળકાળને વીસરી જાય છે, અને એ મૂક છતાં જીવંત સમી આકૃતિઓની કથા વાંચવામાં તન્મય બની જાય છે. આ મંદિરમાં સહસ્રફણા પાર્શ્વનાથ અને સહસ્રકૂટના કળામય શિલાપટ્ટો છે. તે પણ યાત્રિકના ચિત્તને હરી લે છે.

આ મંદિરની સૌથી અનોખી વિશેષતા તે એની વિપુલ સ્તંભાવલી છે. આ મંદિરને સ્તંભોનો મહાનિધિ કે સ્તંભોનું નગર કહી શકાય. એ રીતે ઠેર ઠેર સ્તંભો ઊભા કરવામાં આવ્યા છે. જે તરફ નજર કરો તે તરફ નાના, મોટા, પાતળા, જાડા, સાદ કે કોરણથી ઊભરાતા સ્તંભો જ નજરે પડે છે. પણ મંદિરના કુશળ શિલ્પીએ આટલા બધા સ્તંભોની ગોઠવણી એવી સપ્રમાણ રીતે કરી છે કે, એ પ્રભુનાં દર્શન કરવામાં ક્યાંય અંતરાયરૂપ થતી નથી; જિનાલયમાં ગમે ત્યાં ઊભેલો ભક્ત ભગવાનનાં દર્શન કરી શકે છે. સ્તંભોની આટલી વિપુલ સમૃદ્ધિને લીધે તો આ મંદિરમાં ૧૪૪૪ થાંભલા હોવાની લોકખ્યાતિ થઈ છે.

મંદિરની ઉત્તરે રાયણવૃક્ષ અને ભગવાન ઋષભદેવનાં પગલાં છે, તે ભગવાન ઋષભદેવના જીવનનું અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનું સ્મરણ કરાવે છે.

આ મંદિરને જેમ બે ઉપલા માળથી રમણીય બનાવવામાં આવ્યું છે, તેમ એમાં કેટલાંક (ઘણું કરીને નવ) ભોંયરાંઓ બનાવીને કટોકટીને વખતે, છેવટે બીજું કંઈ નહીં તો, પરમાત્માની પ્રતિમાનું તો જતન થઈ શકે એવી દૂરંદેશીભરી જોગવાઈ પણ કરવામાં આવી છે. મંદિરની મજબૂતી માટે પણ કદાચ આ ભોંયરાંઓ ઉપયોગી સાબિત થયાં હશે; અને કાળબળની સામે મંદિરને ટકાવી રાખવામાં પણ ઉપયોગી નીવડ્યાં હશે. આ ભોંયરાંઓમાં ઘણી જિનપ્રતિમાઓ રાખવામાં આવેલી છે.

આબુનાં મંદિરો એની ઝીણી અને સુકુમાર કોરણી માટે વિખ્યાત બન્યાં છે; રાણકપુરના મંદિરમાં પણ કોતરણી કાંઈ ઓછી નથી; પણ પ્રેક્ષકનું વિશેષ ધ્યાન એની સપ્રમાણ વિશાળતા ખેંચે છે, તેથી જનસમૂહમાં 'આબુની કોરણી અને રાણકપુરની માંડણી' એવી લોકોક્તિ પ્રસિદ્ધ થઈ છે.

કાળના અને કુદરતના ઘસારા અને વિદેશીઓના આક્રમણ વગેરે કારણે, સમય જતાં, આ તીર્થ જીર્ણ થઈ ગયું. ત્યાં પહોંચવાનો માર્ગ વેરાન અને દુર્ગમ થઈ ગયો; વાઘ જેવાં હિંસક પશુઓનો પણ ભય વધી ગયો. અને આવી પરિસ્થિતિને લીધે એ તીર્થમાં પહોંચવું મુશ્કેલ બની ગયું. પરિણામે એના યાત્રિકોની સંખ્યા ઘણી



મુખ્ય મંદિરનું ત્રણ માળનું કોતરણીવાળું શિખર

ઘટી ગઈ, અને તીર્થ સાવ ઉપેક્ષિત થઈ ગયું.

સદ્ભાગ્યે વિ.સં. ૧૯૫૩(સને ૧૮૯૭)ની સાલમાં, સાદડીના શ્રીસંઘે આ તીર્થ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપી દીધું. શરૂઆતમાં પેઢીએ આ તીર્થની યાત્રાએ યાત્રિકો નચિંતપણે જઈ શકે એ માટેનાં જરૂરી પગલાં લીધાં, અને પછીથી આ તીર્થનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરાવવાનો પેઢીએ નિર્ણય કર્યો, અને તરત જ જીર્ણોદ્ધારનું કામ શરૂ કરાવ્યું.


જીર્ણોદ્ધારનું કાર્ય વિ.સં. ૧૯૯૦થી ૨૦૦૧ સુધી અગિયાર વર્ષ ચાલ્યું. આ કાર્ય એવું ઉચ્ચ કોટિનું અને નમૂનાદાર થયું કે વિશ્વવિખ્યાત સ્થપતિઓએ પણ એના મુક્તકંઠે વખાણ કર્યાં. જીર્ણોદ્ધારથી સાવ નૂતનરૂપ પામેલ આ મંદિરની વિ.સં. ૨૦૦૯ની સાલમાં પુનઃ પ્રતિષ્ઠા કરાવામાં આવી.

આ પછી આ તીર્થના યાત્રિકોને રહેવાની સંતોષકારક સગવડ મળી રહે એવી નવી નવી ધર્મશાળાઓ બનાવવામાં આવી. પહેલાં જ્યાં જૂની ઢબની માત્ર એક જ ધર્મશાળા હતી, ત્યાં અત્યારે બીજી ત્રણ ધર્મશાળા બની છે; અને એમાંની બે તો આધુનિક સુવિધા ધરાવે છે.

આ બધાંને લીધે., જેમ જેમ સમય વિતતો જાય છે તેમ તેમ, દેશવિદેશમાં એની ખ્યાતિ, આબુનાં પ્રસિદ્ધ જિનાલયોની જેમ, વિસ્તરતી જાય છે અને આ તીર્થના દર્શને આવનાર દેશી-વિદેશી, જૈન-જૈનેતર યાત્રિકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે.

આ મંદિરને ચતુર્મુખપ્રાસાદ ઉપરાંત 'ધરણવિહાર' 'ત્રૈલોક્યદીપક-પ્રાસાદ' કે 'ત્રિભુવનવિહાર'ના નામથી પણ ઓળખવામાં આવે છે. એના નિર્માતા શ્રેષ્ઠી ધરણાશાહ હોવાથી એનું 'ધરણવિહાર' એ નામ સાર્થક છે. ત્રણે લોકમાં એ દીપક સમાન હોવાથી એનાં 'ત્રૈલોક્યદીપકપ્રાસાદ' તેમ જ 'ત્રિભુવનવિહાર' એવાં નામો પણ સાર્થક છે; અને એ મંદિરનો મહિમા દર્શાવે છે.

પણ આ મંદિરનું સૌથી સચોટ છતાં સંક્ષિપ્ત વર્ણન તો એને સ્વર્ગલોકના 'નલિનીગુલ્મ વિમાન'ની ઉપમા આપવામાં આવી છે, એમાંથી મળી રહે છે. મંદિરનું નિરીક્ષણ કરતો યાત્રી જાણે પોતે કોઈ સુરમ્ય સ્વપ્નપ્રદેશમાં પહોંચી ગયો હોય અને ત્યાં કોઈ સ્વર્ગીય વિમાનનો સૌંદર્યવૈભવ નીરખતો હોય એવી લાગણી અનુભવે છે. ચિત્તને ઉન્નત પ્રદેશમાં વિહાર કરાવવો એ જ તો ભક્તિ અને કળાની ચરિતાર્થતા છે.



(પંચશરીરી વીર) આરસપહાણની કોતરણીવાળી છત

# થોડાક અભિપ્રાયો

વિભાગોની વિવિધતા, એની અવાંતર રચનાઓની સુંદરતા-એવી સુંદરતા કે આખી ઇમારતમાં કોઈ પણ બે થાંભલા એકસરખા નથી, એ વિભાગોની ગોઠવણીની મોહકતા, જુદી જુદી ઊંચાઈવાળા ઘુમ્મટોનો સપાટ છતો સાથે સંધાયેલ સુરુચિકર સુમેળ અને પ્રકાશને પ્રવેશવા માટે જોગવાઈ- આ બધાં ભેગાં મળીને ખૂબ સુંદર અસર નિપજાવે છે. સાચે જ, ભારતમાં આની બરોબરી કરી શકે એવી બીજી ઇમારત હોવાનું મારા જાણવામાં નથી કે જે ખૂબ આહ્લાદજનક છાપ પાડતી હોય, અથવા તો જે અંદરના ભાગમાંના થાંભલાઓની આકર્ષક ગોઠવણીને નિહાળવાની ઘણી તકો પૂરી પાડતી હોય.

**-જેમ્સ ફરગ્યુસન (ભારતના વિખ્યાત પુરાતત્ત્વવિદ)**

મંદિરામાં પ્રવેશ કરતાં એમ જ લાગે છે કે, જાણે કોઈકે પોતાના હાથથી એનું સર્જન કર્યું છે. પણ ખૂબ યત્નથી કંડારેલી અવાંતર રચનાઓ તો, સમગ્ર ભવ્ય કલ્પનાના પ્રકારને લીધે, પાર્શ્વભૂમિકામાં જ સરી જાય છે અને જ્યારે પ્રકાશનું સંગીત સર્જતાં અંતરાલોની અદ્‌ભુતતા બરાબર સાકાર થઈને ઠરી-ઠામ થાય છે, તે પછી જ અવાંતર રચનાઓમાંની અદ્‌ભુત કોરણી મનને વશ કરી લે છે. ખરેખર, સ્થાપત્યકલાની તેમ જ આધ્યાત્મિકતાની આ એક આશ્ચર્યકારક અભિવ્યક્તિ છે.

**-લુઈ કૂહાન (અમેરિકાના વિશ્વવિખ્યાત સ્થપતિ)**

ઇતિહાસ, શિલ્પકળા અને કુદરતમય સ્થાન આ બધાંને લીધે રાણકપુરનું મંદિર સર્વશ્રેષ્ઠ પ્રકારનું બન્યું છે.

**- એસ. દાસગુપ્તા (ભારત સરકારના ભૂસ્તર ખાતા અધિકારી)**

રાણકપુરનું મંદિર એ તો પથ્થરમાં સાકાર બનેલ કલ્પના છે.

**- કાંતિલાલ ટી. દેસાઈ (ગુજરાતના મુખ્ય ન્યાયમૂર્તિ)**

આ મંદિર તો ભારતીય કળા અને સ્થાપત્યની સોનાની વીંટીમાં જડેલા હીરા જેવાં છે.

**- સ્વામી કૃષ્ણાનંદ (વડોદરા)**

અત્યંત પ્રભાવિત કરે એવો શિલ્પકળાનો આવો નમૂનો મેં ક્યારેય જોયો નથી.

**-જે.એમ. બોવન (અમેરિકા)**

રાણકપુરની સુંદરતા માનવીની કલ્પનાશીલતા અને સમજશક્તિને પાછી પાડી દે છે.

**-એસ.કલેન્સી (અમેરિકા)**

આની હરીફાઈ કરે એવું દુનિયામાં કશું નથી.

**-સેવુર (જર્મની)**

માનવીના હાથ પથ્થરમાંથી આવું અદ્‌ભુત સર્જન કરી શકે એમ માનવું અસંભવ લાગે છે

**- પીટર અને હેલ્ગા (અમેરિકા)**